### MSUના ક્લોધિંગ એન્ડ ટેક્સટાઈલ વિભાગની વિદ્યાર્થિનીનું રિસર્ચ

# રાજસ્થાનની ૪૦૦ વર્ષ જૂની કાવડ હસ્તકલાને કપડા પર ઊતારી

**સંદેશ**

MSUની ફેકલ્ટી ઓફ ફેમિલિ એન્ડ કમ્યુનિટિ સાયન્સિસના ક્લોધિંગ એન્ડ ટેક્સટાઈલ વિભાગના માસ્ટર્સની વિદ્યાર્થિનીએ ૪૦૦ વર્ષ જુની કાવડ ક્રાફ્ટને કપડાં પર ઉતારી તેને પુનર્જીવિત કરી છે.



જે વિશે વૈદેહી લિંબાચિયાએ કહ્યું હતું કે, કાવડ ક્રાફ્ટ મૂળે રાજસ્થાનની સૈકાઓ જુની હસ્તકલા છે. પરંતુ હાલ કાવડ ક્રાફ્ટ લુપ્ત થવાને આરે છે. આ હસ્તકળાના એક માત્ર જાણકાર આર્ટિઝન સત્યનારાયણ સુથાર ચિતૌડગઢથી ૨૨ કિ.મી.દુર આવેલાં બસ્તી ગામમાં રહે છે. તેમને જઈને હું મળી હતી. જેમાં મને જાણવા મળ્યું કે, હાલ આ હસ્તકળાનું અસ્તિત્વ હવે ધીમે-ધીમે ભૂંસાઈ રહ્યું છે. જો કે, તેઓ આજે પણ કાવડ બનાવે છે. મેં કાવડ ક્રાફ્ટના મોટિફ્સના ઉપયોગથી પડદાં, વુડ પેનલ, તોરણ, સહિતના પ્રોડક્ટસ બનાવ્યાં છે. આ રીસર્ચ પ્રોજેક્ટ મેં પ્રધ્યાપક ડૉ.હેમલત્તા રાવલના માર્ગદર્શન હેઠળ કર્યું છે.



### દેવી-દેવતા, ફ્લોરલના મોટિફ્સ કપડા પર ઊતાર્યા

વૈદૈહી લિંબાચિયાએ કહ્યું હતું કે, મેં દેવી-દેવતાં, ફ્લોરલ, એનિમલ્સ જેવાં મોટિફ્સ ફેબ્રિક પર ઉતાર્યાં છે. તે સિવાય મેં વુડ પેનલ્સ પણ બનાવી છે. જેને મંદિરોમાં, હવેલીઓમાં તેમજ હોમ ડેકોરેશનમાં ઉપયોગમાં લઈ શકાય છે. ઉપરાંત તેને એક્ઝિબિશનમાં પણ રજુ કરી શકાય છે તેમજ કાવડ ક્રાફટના મોટિફ્સવાળી જ્વેલરી થકી પણ આ હસ્તકળાને આગળ ધપાવી શકાય છે.